રાજ્યમાં રાજભાષા ગુજરાતીનો
બહોળો ઉપયોગ કરવા બાબત

ગુજરાત સરકાર,
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ભનક/૧૦૨૦૨૧/મુમક-૦૧/ફ,
સચિવાલય, ગાંધીનગર.
તાઃ-૧૮ /૦૨/૨૦૨૨

વંચાણે લીધા :-

(૧) સન-૧૯૬૧નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧લો.
(૨) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:-વહભ/૧૧૭૭/૩૨૩૧/ધ, તા. ૨૨/૬/૧૯૭૭.
(૩) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:-વહભ/૧૦૭૮-૪૪૫૪-ધ-૧, તા. ૭/૧૧/૧૯૭૮.
(૪) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: સચમ-૧૦૭૮/૪૩૫/ખ.૨, તા. ૨૨/૧/૧૯૭૯.
(૫) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક:- વહભ/૧૦૮૬/૨૯૪/ધ-૧, તા. ૭/૭/૨૦૦૦.
(૬) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક:- વહભ/૧૦૯૩/૯૨૬(૩)-ધ-૧,તા. ૨૨/૬/૨૦૦૦.
(૭) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક:- વહભ/૧૦૯૯/૧૪૧૬/ધ-૧,તા. ૬/૧/૨૦૦૧.

પ્રસ્તાવના:-

ગુજરાત રાજ્યની રચના થયા બાદ, રાજ્ય સરકારે પ્રથમ અધિનિયમ રાજભાષા અંગે પસાર કરીને રાજ્યની રાજભાષા ગુજરાતી અને દેવનાગરી લિપિમાં હિન્દી રાખવાનું જાહેર કરેલ છે. તે મુજબ તબક્કાવાર કાર્યક્રમ નક્કી કરીને ગુજરાતી ભાષાનો ઉપયોગ દિન પ્રતિદિન વધતો રહે તે જોવામાં આવેલ છે. તદનુસાર તારીખ ૧લી મે, ૧૯૬૫થી સચિવાલયના સર્વે વિભાગો તેમજ જિલ્લા, તાલુકા કક્ષાએથી ગુજરાતી ભાષાનો જ ઉપયોગ થાય તેવી સૂચનાઓ આપવામાં આવેલ હતી તથા રાજભાષાના ઉપયોગમાં ઉત્તેજના અને વેગ લાવવા જરૂરી પગલા સૂચવવા શ્રી રામલાલ પરીખ સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિ ધ્વારા "લોકાભિમુખ વહીવટ માટેની વહીવટી સુધારણા સમિતિએ તેમના અહેવાલમાં રાજ્યનો સમગ્ર વહીવટ ગુજરાતી ભાષામાં ચલાવવો" તેવી ભલામણ કરવામાં આવેલ હતી.

રાજ્ય સરકારની ગુજરાતીકરણની નીતિના અનુસંધાને સરકારના તામામ વિભાગો, ખાતાઓ/ બોર્ડ/ નિગમો/ ખાનગી – સરકારી કંપનીઓ/ હોટેલ / સ્કૂલ/ મોલ્સમાં સાર્વજનિક અને જાહેર સ્થળોએ નામ, સૂચના, માહિતી, દિશા-નિર્દેશ લખેલ લખાણોમાં ગુજરાતી ભાષાનો બહોળો ઉપયોગ થાય તે બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

ગુજરાતી ભાષા એ ફક્ત એક ભાષા નથી એક બહોળો ગૌરવશાળી ઇતિહાસ અને સમૃધ્ધ સાહિત્ય ધરાવતી સંસ્કૃતિ છે. ગુજરાતી ભાષાનો ઉપયોગ ગ્રામ્ય વિસ્તારમાં બહોળા પ્રમાણમાં

થાય છે પરંતુ વધતા જતા શહેરીકરણના કારણે શહેરોમાં પણ ગુજરાતી ભાષાનો બહોળો ઉપયોગ થાય તે માટે પ્રયત્ન કરવામાં આવે તેમ જરૂરી જણાય છે. જેથી, પ્રથમ તબક્કે ગુજરાત રાજ્યની ૮(આઠ) મહાનગરપાલિકાઓ અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, જામનગર, જુનાગઢ અને ગાંધીનગર જેવા શહેરોમાં નીચે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

૧. ગુજરાત રાજ્યના સર્વે સરકારી કાર્યાલયો, પરિસરો અને સાર્વજનિક સ્થળોએ જ્યાં જ્યાં નામ, સૂચના, માહિતી, દિશા-નિર્દેશ લખેલા હોય તે સર્વે લખાણોમાં અંગ્રેજી/હિન્દી સાથે ગુજરાતી ભાષાનો ઉપયોગ ફરજિયાત કરવાનો રહેશે.

૨. સરકારી પરિસરોની જેમ જ ખાનગી માલિકીના સાર્વજનિક સ્થળોએ જેમ કે સિનેમાગૃહ, નાટ્યગૃહ, બેન્કવેટ હોલ, શાળા, કોલેજ, સુપર માર્કેટ, શૉપિંગ મોલ્સ, હૉસ્પિટલ, વાતાનુકૂલિત વ્યવસ્થા ધરાવતી હૉટેલ/ રેસ્ટોરન્ટ અને કેફે, બેન્ક, વાંચનાલય, બગીચાઓ, ઇત્યાદિ જગ્યાઓ પર નામ, સૂચના, માહિતી, દિશા-નિર્દેશ લખેલા હોય તે સર્વે લખાણોમાં અંગ્રેજી/હિન્દી સાથે ગુજરાતી ભાષાનો પણ ફરજિયાત ઉપયોગ કરવાનો રહેશે.

ઉપર્યુક્ત મુદ્દા ક્રમાંક (૧) ના અમલીકરણ અંગેની તમામ જવાબદારી જે તે સરકારી કચેરીના ખાતાના વડાની રહેશે. જ્યારે ઉપર્યુક્ત મુદ્દા ક્રમાંક (૨)ના અમલીકરણ અંગે મહાનગરપાલિકા અને શહેરી વિકાસ સત્તા મંડળોની કચેરીઓ, તે હસ્તકના મકાનો કે તેમના દ્વારા સંચાલિત બાગ- બગીચાઓ વિગેરેની કામગીરી સંબંધિત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર અને મુખ્ય કારોબારી અધિકારી (CEO) એ કરવાની રહેશે તેમજ ઉપર્યુક્ત મુદ્દા ક્રમાંક (૧) અને (૨)માં સૂચવ્યા મુજબની બાકી રહેતી અમલીકરણની કામગીરી સંબંધિત જિલ્લા કલેક્ટરશ્રીએ કરવાની રહેશે.

આ હુકમ આ વિભાગની સમાંનાકી ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૧/૨/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કૃતિ નાયક)
સેક્શન અધિકારી
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર ધ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી/ અધિક મુખ્ય સચિવશ્રી/ સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રી/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.